સુવિચાર : માણસના નાશનું કારણ કામચોરી, પલાયનવૃત્તિ, કંટાળો, ઉદાસીનતા જેવા વિઘાતક શસ્ત્રો છે - જીવનસૂત્ર

તાપમાન
મહત્તમ : ૨૭.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૭ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૩૪ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૦૮ | ૧૯ જાન્યુઆરી, ૨૦૧૬, મંગળવાર ; પોષ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- ભારત-ચીન સરહદ ઉપર હવે મહિલા બટાલિયન તૈનાત થશે
- કાશ્મીરમાં ત્રાસવાદ સામે જંગમાં ૪૧ જવાન શહીદ
- ભારતનો વિકાસ દર સાત ટકાથી વધુ રહેશે : રિપોર્ટ
- કૃષિ કટોકટી વધુ ગંભીર બને તેવી પ્રબળ શક્યતા છે : રમેશ ચંદ
- હવે ધોનીને કેપ્ટનશીપ છોડી દેવાનો સમય આવી ગયો છે : શ્રીકાંત
- ક્રિકેટ બાદ ટેનિસમાં પણ મેચ ફિક્સિંગથી ચકચાર
- શાહી ફેંકનાર મહિલા એક દિનની કસ્ટડીમાં
- ફળફળાદી ઉત્પાદન મામલે ભારત વિશ્વમાં બીજા ક્રમાંકે
- આવકવેરા મુક્તિ મર્યાદામાં વધારો કરાય તેવી વકી

# અજિત ચંદીલા પર આજીવન પ્રતિબંધ

### હિકેન શાહ પર પાંચ વર્ષનો પ્રતિબંધ મુકવાનો નિર્ણય કરાયો : બીસીસીઆઈ પ્રમુખ શશાંક મનોહરના નેતૃત્વમાં ત્રણ સભ્યોની પેનલ દ્વારા ચુકાદો જાહેર કરાયો




મુંબઈ,તા. ૧૮

સમગ્ર દેશને હચમચાવી મુકનાર આઈપીએલ સ્પોટ ફિક્સિંગ કૌભાંડ મામલામાં અંતિમ ચુકાદો આપતા ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડની શિસ્ત સમિતિએ અજીત ચંદીલા પર આજે આજીવન પ્રતિબંધ મુકી દીધો હતો. આની સાથે જ ક્રિકેટ કારકીર્દીનો અંત આવી ગયો હતો જ્યારે હિકેન શાહ ઉપર પાંચ વર્ષનો પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. કલંકિત ક્રિકેટરો અજીત ચંડેલા, હિકેન શાહના ભાવિને પહેલાથી જ જોરદાર ચર્ચા ચાલી રહી હતી. બીસીસીઆઈ પ્રમુખ શશાંક મનોહરના નેતૃત્વમાં બીસીસીઆઈની ત્રણ સભ્યોની શિસ્ત સમિતિ દ્વારા આ સંદર્ભમાં આજે નિર્ણય કરવામાં આવ્યો હતો. બંને ખેલાડીઓ

● અનુસંધાન પાન-૭ પર

# સેંસેક્સમાં વધુ ૨૬૭ પોઈન્ટનો ઘટાડો

### સેંસેક્સ ઘટીને ૨૪૧૮૮ની નીચી સપાટીએ પહોંચતા ચિંતાનું મોજુ : આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઇલની કિંમત ૨૦૦૩ બાદથી સૌથી નીચી સપાટીએ નિફ્ટી ૮૭ પોઇન્ટ ઘટી ૭૩૫૧ની નીચી સપાટીએ

મુંબઈ,તા. ૧૮

શેરબજારમાં સતત ત્રીજા સેશનમાં મંદી રહી હતી. કારોબારના અંતે વૈશ્વિક ચિંતાની સ્થિતિ વચ્ચે સેંસેક્સ અને નિફ્ટી બંનેમાં ઉલ્લેખનીય ઘટાડો રહ્યો હતો. સેંસેક્સ ૨૬૭ પોઈન્ટ ઘટીને ૨૪૧૮૮ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૮૭ પોઈન્ટ ઘટીને ૭૩૫૧ની સપાટીએ રહ્યો હતો. સેંસેક્સ અને નિફ્ટી બંનેમાં ઘટાડો થવા માટે કેટલાક પરિબળો જવાબદાર રહ્યા હતા. આંતરરાષ્ટ્રીય ક્રૂડની કિંમતમાં અવિરત ઘટાડાનો દોર જારી રહ્યો છે. વૈશ્વિક માંગમાં ઘટાડો થવાના લીધે ડિસેમ્બરમાં ભારતની નિકાસ ઘટી છે. આંતરરાષ્ટ્રીય કોમોડિટીની કિંમતોમાં પણ ઘટાડો રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# અરવિંદ કેજરીવાલ સરકાર સીએનજી કૌભાંડમાં સામેલ

### કેજરીવાલ ઉપર શાહી ફેંકનાર મહિલાનો સીધો આક્ષેપ

નવી દિલ્હી,તા. ૧૮

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર રવિવારના દિવસે શાહી ફેંકનાર આરોપી મહિલા ભાવના અરોડાએ આમ આદમી પાર્ટીના નેતા કેજરીવાલ અને પાર્ટી પર ગંભીર આક્ષેપો કર્યા છે. આ મહિલાએ આક્ષેપ કર્યો છે કે, દિલ્હીમાં ઓડ ઈવન ફોર્મ્યુલા તો સફળ રહી છે પરંતુ તેની આડમાં એક મોટા કૌભાંડને અંજામ આપવામાં આવ્યો છે. ઓડઈવન યોજના હેઠળ સીએનજી કૌભાંડ ચલાવવામાં આવ્યું છે જે કરોડો રૂપિયાનું છે. ભાવના અરોડાએ એએપી સરકાર પર આક્ષેપ કરતા કહ્યું છે કે, સરકાર આ કૌભાંડમાં સામેલ છે. ભાવનાએ કહ્યું છે કે, ઓડઈવન યોજના ખુબ જ હકારાત્મક છે પરંતુ તેની પાછળ સીએનજી કૌભાંડ છે. તેમની પાસે સ્ટિંગ પણ છે. આજ કારણસર દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ અને પરિવહન મંત્રી ગોપાલરાયને તેઓ મળવા ઈચ્છુક હતા પરંતુ આ બંને નેતાઓ મળવા માટે તૈયાર ન હતા. શાહી ફેંકનાર મહિલાએ એમ પણ કહ્યું છે કે, સીએનજી સ્ટિકરોને બાઈકોના નંબર ઉપર પણ જારી કરવામાં આવ્યા છે. એએપી સરકાર સીએનજી કૌભાંડમાં સામેલ રહી છે. તેમની પાસે આ કૌભાંડને સાબિત કરવા માટે પુરાવા પણ છે. તેમણએ કહ્યું હતું કે, તેમની પાસે તમામ દસ્તાવેજ છે જેને કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

# પે-પેનલની ભલામણોને મોકુફ રખાય તેવી વકી

### સંશાધનોની તંગી હોવાથી ભલામણોને મોકૂફ રખાય તેવી શક્યતા : ૨૯ ફેબ્રુઆરીના દિવસે અરૂણ જેટલીના બજેટ ભાષણ વેળા અમલીકરણને મોકુફ રાખવાની જાહેરાત કરાય તેવી વકી

નવી દિલ્હી,તા. ૧૮

વર્ષ ૨૦૧૬-૧૭માં જંગી નાણાંકીય સંશાધન કટોકટી પ્રવર્તી રહી છે ત્યારે સરકાર સાતમા વેતન પંચની ભલામણને અમલી કરવાને હાલમાં મોકુફ કરી શકે છે. આના કારણે તમામ કર્મચારીઓને મોટો ફટકો પડી શકે છે. ગયા સપ્તાહમાં કેન્દ્રિય કેબિનેટે ભલામણને અમલી કરવા માટે સચિવોની એમ્પાવર્ડ કમિટીની રચનાને મંજુરી આપી હતી. એક નાણાંકીય વર્ષકરતા વધારે ગાળામાં પંચની ભલામણને લઈને કેટલીક દુવિધા છે. ટોપ રેન્કના એક અધિકારીએ કહ્યુ છે કે રચવામાં આવેલી એમ્પાવર્ડ કમિટી માટે વિકલ્પો પૈકી એક કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે ભથ્થામાં વધારાને મોકુફ રાખવામાં આવે તેમ છે.

● અનુસંધાન પાન-૭ પર

# હાર્દિક સામે ૨૭૦૦ પાનાની ચાર્જશીટ દાખલ

## ...તો પણ આંદોલન ચાલુ રહેશે

### પાટીદારોના વલણથી સરકારની ચિંતા વધી : હાર્દિક અને રાજ્ય સરકાર વચ્ચે સમાધાનની ચાલી રહેલી વાત વચ્ચે લાલજી પટેલના નિવેદનથી નવો વિવાદ છેડાયો

ગાંધીનગર, તા.૧૮

હાર્દિક પટેલને છોડી મુકવાના મુદ્દે ચર્ચાઓ ચાલી રહી છે ત્યારે પાટીદાર નેતા લાલજી પટેલે એવું નિવેદન કરીને ચર્ચા જગાવી છે કે જો હાર્દિક પટેલને છોડી મુકવામાં આવશે તો પણ આંદોલન તો ચાલુ જ રહેશે. સમાધાન થશે તો આંદોલન નહીં થાય તેવી બાબતને લાલજી પટેલે ફગાવી દીધી છે. આ મુદ્દે અનામત આંદોલન સમિતિ પાસ દ્વારા એવી જાહેરાત કરાઈ છે કે પાટીદારોએ જ્યારે ઉપવાસ આંદોલન હાથ ધર્યું હતું ત્યારે ઉપવાસીઓને પારણાં કરાવતી વખતે એવી બાંહેધરી લેવાય હતી કે હાર્દિક પટેલ સહિતના પાટીદારો સામેના કેસ પરત ખેંચવામાં આવશે. રાજય સરકાર સાથે સમાધાનની વાત હાર્દિક પટેલ સહિતના પાટીદારોને જેલમાંથી બહાર લાવવા પુરતી મર્યાદિત છે. આ સમાધાનનો અર્થે એવો નથી કે પાટીદાર અનામત આંદોલન મોકુફ રાખવામાં આવ્યું છે કે, પાછું ખેંચવામાં આવ્યું છે. આ બાબતે એસપીજીના લાલજી પટેલનો સંપર્ક કરતા તેમણે કહ્યું હતું કે, પાટીદાર આંદોલન અનામત મેળવવા માટે હતું અને તે આંદોલન શરૂ જ રહેશે. આંદોલન પાછું ખેંચવાની વાતમાં કોઈ તથ્ય નથી.



### મેટ્રોપોલિટન કોર્ટમાં રજૂ કરાયેલી ચાર્જશીટમાં અમરિશ પટેલ અને અલ્પેશને ભાગેડુ જાહેર : આંદોલનથી કરોડોનું નુકસાન : હાર્દિક સામે બીજી ચાર્જશીટ

અમદાવાદ, તા.૧૮

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં અમદવાદ શહેર ક્રાઈમ બ્રાંચે આજે પાટીદાર સમુદાય માટે અનામતની માંગ કરીને આંદોલન છેડનાર પાટીદાર નેતા હાર્દિક પટેલ અને અન્ય ત્રણ સાથીઓ સામે રાજદ્રોહના કેસમાં ચાર્જશીટ દાખલ કરી હતી. રાજદ્રોહના બીજા કેસમાં હાર્દિક સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. શહેર ક્રાઈમ બ્રાંચે એવો દાવો પણ કર્યો છે કે, આ લોકોએ જાણી જોઈનો એવી પ્રવૃત્તિઓને વેગ આપ્યો હતો જેના લીધે સરકાર સામે કાવતરું દેખાઈ રહ્યું છે અને રાજદ્રોહ હેઠળ આરોપો મુકાયા છે. હાર્દિક સામે ૨૭૦૦ પાનાની ચાર્જશીટ મેટ્રોપોલિટન કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી. હાર્દિક ઉપરાંત તેના સાથી કેતન પટેલ, દિનેશ બામણિયા અને ચિરાગ

● અનુસંધાન પાન-૭ પર

## આંદોલનમાં કરોડોનું નુકસાન

હાર્દિક પટેલ અને અન્યો સામે આજે ચાર્જશીટ અમદાવાદ મેટ્રો કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી જેમાં જણાવવામાં આવ્યું છે કે, તોફાનો દરમિયાન ૪૦થી ૫૦ કરોડનું નુકસાન થયું હતું. જાણી જોઈને ઉશ્કેરણી ફેલાવવામાં આવી હતી. ૨૫મી ઓગસ્ટના દિવસે અમદાવાદમાં જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે હાર્દિકની ટુંકા ગાળા માટે અટકાયત કરાઈ ત્યારે તેમના પાંચ સાથીઓએ જાણી જોઈને સમુદાયમાં એવી અફવા ફેલાવી હતી કે, હાર્દિકને ખોટી પકડી લેવામાં આવ્યો છે. આવા ઉશ્કેરણીજનક નિવેદનો અને અફવાથી ગુજરાતભરમાં હિંસા ભડકી ઉઠી હતી જેથી પોલીસને રાજ્યના ઘણા ભાગોમાં સંચારબંધી લાદવાની ફરજ પડી હતી. લોકોએ જોરદાર પથ્થરમારો ચલાવ્યો હતો.સંપત્તિને નુકસાન પહોંચાડ્યું હતું. પોલીસ વાહનોને અને જાહેર વાહનોને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. ચાર્જશીટમાં સાફ શબ્દોમાં જણાવાયું છે. સંપત્તિને પણ ભારે નુકસાન થયું હતું. ચાર્જશીટમાં આદોલન દરમ્યાન થયેલા તોફાનમાં ૪૦થી ૫૦ કરોડના નુકસાનનો ઉલ્લેખ કરાયો છે.





+ મેડીક્લ પ્રવેશ +
C.M.S. & ED
Community Medical Service & Essential Drugs
Under Guide Line Policy of W.H.O., UNICEF & GOVT. OF INDIA
યોગ્યતા : ૧૦પાસ/૧૨પાસ/ગ્રામીણ ડૉક્ટર/કમ્પાઉન્ડર/કેમીસ્ટ/નર્સ
કોર્ષનો લાભ : CMS & ED ના કોર્ષ પછી પોતાનો "પ્રાયમરી હેલ્થ કેયર સેન્ટર" ખોલી ૪૨ એલોપેથિક દવાઓનો પ્રયોગ સંપૂર્ણ ભારતવર્ષના ગ્રામિણ ક્ષેત્રમાં પ્રાથમિક સારવાર ના રૂપમાં કરી શકો છો.
પ્રશિક્ષણ : ફક્ત રવિવારે કે પત્રવ્યવહાર
સમય : ૧૮ માસ (દોઢ વર્ષ) માધ્યમ : English / ગુજરાતી
માહિતી પુસ્તીકા માટે M.O. થી 120/- રૂ. રોકડા 60/- રૂ.
Last Date : 5-2-2016 નવી બેચ ચાલુ
INTERNATIONAL RURAL HEALTH ASSOCIATION
અમદાવાદ ઓફિસ : એફ-૩૪, વિજય પ્લાઝા, આબાદ ડેરી સામે, કાંકરીયા, અમદાવાદ-૨૨.
ગાંધીનગર ઓફિસ : શોપ-૪, પહેલો માળ, યોગી મોલ, ન્યુ ચીન સીટી, ડીમાર્ટની બાજુમાં, જીઆઈડીસી સામે, સેક્ટર-૨૬, ગાંધીનગર-૨૬.
9824486937, 9429430255, 9825653625

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82




